# ગાંધીનગર મહાનગરપાલિકા

## મુક્તિધામ શાખા

**::ટેન્ડર નં.:–૩૧ વર્ષ: ૨૦૨૨–૨૩ ::**

**ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબત.**

**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, પ્રથમમાળ,**
**સેક્ટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૧**

**<u>ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબત.</u>**

**<u>ઈ–ટેન્ડરની તારીખ:</u>**

| વિગત | તારીખ અને સમય |
|---|---|
| ઈ–ટેન્ડર ડાઉનલોડીંગની તારીખ | ૦૪/૦૪/૨૦૨૨ ૧૨:૦૦ કલાકથી |
| ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૪/૨૦૨૨ ૧૮:૦૦ કલાકે |
| પ્રિબીડ મિટીંગ તારીખ અને સમય | ૧૩/૦૪/૨૦૨૨ ૧૬:૦૦ કલાકે |
| ટેકનીકલ બીડ, E.M.D. અને ટેન્ડર ફી કચેરીમાં સ્પીડ પોસ્ટ/ આરપીએડી. મારફત મોકલી આપવાની તારીખ અને સમય | ૧૦/૦૫/૨૦૨૨ ૧૬:૦૦ કલાકે |
| ટેક્નીકલ બીડ ઓપનિંગ તારીખ અને સમય | ૧૨/૦૫/૨૦૨૨ |
| પ્રાઈસબીડ ઓનલાઈન ઓપનીંગની તારીખ અને સમય | ૧૩/૦૫/૨૦૨૨ |
| બીડ વેલેડીટી | ૧૨૦ દિવસ |
| ટેન્ડર ફી | ૧૫૦૦/– |
| E.M.D. | ૩૦,૦૦૦/– |

ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, પ્રથમમાળ,
સેકટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૧

**ગાંધીનગર મહાનગરપાલિકા**
**મુક્તિધામ શાખા**
**ઈ–ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**ટેન્ડર નં.:–૩૧ વર્ષ–૨૦૨૨–૨૩**

**ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબત.**

| ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર ફી | E.M.D. |
|---|---|---|---|
| ૧ | અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામોની જાળવણી અને નિભાવણી કરવા અંગે | ૧૫૦૦/– | ૩૦,૦૦૦/– |

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઈ–ટેન્ડર પધ્ધતિથી ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં આવેલ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત જાહેર મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામોની જાળવણી અને નિભાવણી કરવા અંગેના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર દ્વારા ફોર્મ તા.૦૪/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૨ને સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ: **www.nprocure.com** પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે તેમજ **www.gandhinagarmunicipal.com** ઉપર પણ જોઈ શકાશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ(**E.M.D)**ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા.૧૦/૦૫/૨૦૨૨ ને સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા.૧૨/૦૫/૨૦૨૨ના રોજ સમય ૧૬:૦૦ કલાકે કરવામાં આવશે તથા ડોક્યુમેન્ટસની ચકાસણી થઈ ગયા બાદ શક્ય હશે તો તા.૧૩/૦૫/૨૦૨૨ના રોજ ૧૬:૦૦ કલાકે પ્રાઈસ બીડ ખોલવામાં આવશે.

સહી/–

સ્થળ: ગાંધીનગર — કમિશનર

તા. / /૨૦૨૨ — ગાંધીનગર મહાનગરપાલિકા

## પરિશિષ્ટ–૧

**ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબત અંગેના ટેન્ડર અંગેની અગત્યની સુચનાઓ તેમજ શરતો.**

૧. આ ઈ–ટેન્ડરની સમગ્ર કામગીરીનું સંચાલન કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરની કચેરીનું રહેશે.

૨. ઈચ્છા ધરાવતી એજન્સીઓ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા (મુક્તિધામ શાખા) કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરીયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકશે અને ટેન્ડર ભરતાં પહેલાં ઘટતી વિગતો મેળવી શકાશે.

૩. આ ટેન્ડર ટુ બીડ સીસ્ટમ પ્રમાણેનું રહેશે. સૌ પ્રથમ ટેકનીકલ બીડ ખોલવામાં આવશે અને ટેકનીકલી ક્વોલીફાઈડ થયેલ એજન્સીઓના જ પ્રાઈસબીડ ખોલવામાં આવશે અને એજન્સીઓએ ઈ– ટેન્ડરથી જ આ ટેન્ડર પ્રોસેસમાં ભાગ લેવાનું રહેશે (Price Bid) પ્રાઈસ બીડ લોએસ્ટ ભાવ ભરેલ એજન્સીને તમામ ટેન્ડર શરતોની પુર્તતા અને મહાનગરપાલિકા, ગાંધીનગરની મંજુરીને આધિન કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે.

૪. ઈ–ટેન્ડર ભરવાની સંપૂર્ણ વિગતો (n) Code Solutions પરથી મેળવીને જ નિયત પત્રકોમાં નક્કી કરેલ સમય મર્યાદામાં પ્રોસેસ કરવાની રહેશે.

૫. આ કામગીરી માટે રસ અને લાયકાત પ્રાપ્ત અનુભવ ધરાવતી એજન્સીઓએ તેમના ટેન્ડર **તા.૦૪/૦૪/૨૦૨૨** થી તા.**૩૦/૦૪/૨૦૨૨** ૧૮:૦૦ કલાક સુધી વેબસાઈટ https://www.nprocure.com પર ઓનલાઈન ભરવાના રહેશે.

૬. ટેન્ડર સાથે નીચે મુજબના ડીમાન્ડ ડ્રાફ્ટ ભરવાના રહેશે.

૬.૧ ટેન્ડર ફી રૂ.૧૫૦૦/– (અંકે રૂપિયા પંદરસો પુરા) માત્ર કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે.

૬.૨ અર્નેસ્ટ મની ડીપોઝીટ(ઈએમડી) પેટે રૂ.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) નો માત્ર "ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન" નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાના રહેશે.

૬.૩ ટેન્ડર ફી અને ઈએમડી (૬.૧+ ૬.૨) અસલમાં તા.૧૦/૦૫/૨૦૨૨ ૧૬:૦૦ કલાક સુધીમાં માત્ર આર.પી.એડી./સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીને મળે તેમ મોકલવાની રહેશે. જેમાં વિલંબ થયેથી અમાન્ય ગણાશે.

૬.૪ અન્ય ડોક્યુમેન્ટસ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરની કચેરીમાં સમયમર્યાદામાં મોકલી આપવાના રહેશે. **ટેન્ડરના કવર ઉપર "ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબતનું ટેન્ડર"** એમ દર્શાવવાનું રહેશે.

૭. ઈ–ટેન્ડર સાથે ઓનલાઈન સ્કેન કરેલ દસ્તાવેજો નિર્ધારીત કરેલ તારીખો મુજબ મોકલવાના રહેશે જેમાં વિલંબ થયેથી જવાબદારી એજન્સીઓની રહેશે.

૮. નિયત સમયમર્યાદામાં મળેલા ટેન્ડરોના ટેકનીકલ બીડ શક્ય હશે તો તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ ૧૬:૦૦ કલાકે, ઉપસ્થિત એજન્સીઓની હાજરીમાં ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ખોલવામાં આવશે. તથા શક્ય હશે તા.૧૩/૦૫/૨૦૨૨ના રોજ ૧૬:૦૦ કલાકે પ્રાઈસ બીડ ખોલવામાં આવશે.

૯. ટેન્ડર ઓફરની વેલીડીટી ૧૨૦ દિવસની રહેશે. જરૂર જણાય તો ખાસ સંજોગોમાં કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા આ સમયગાળામાં વધારો કરી શકશે.

૧૦. તમામ જરૂરીયાતો પૂર્ણ થતી હોય તેવી, લઘુત્તમ ભાવોની એજન્સીને તેમનું ટેન્ડર મંજૂર થયા અંગે લેખિતમાં કરારખત કરવા તથા નિયત સિક્યોરીટી ડીપોઝીટ ભરવા જાણ કરવામાં આવશે.

૧૧. એજન્સીએ જાણ થયા બાદ **દિન-૧૫** માં ટેન્ડરની શરતો પ્રમાણે તમામ પુર્તતા સાથે કરારખત રૂ.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પુરા) ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ ઉપર કરવાનો રહેશે. જે ડ્રાફ્ટીંગ સહીત એજન્સી દ્વારા રજુ કરવાનો રહેશે. અને જેની સાથે રૂ.૩૦,૦૦૦/- (અંકે ત્રીસ હજાર રૂપિયા પુરા)ની સીક્યોરીટી ડીપોઝીટ પણ સામેલ કરવાની રહેશે **તેમજ અર્નેસ્ટ મની ડીપોઝીટ L1 ઈજારાદારશ્રીને વર્કઓર્ડર આપ્યા પછી પરત કરવામાં આવશે અને દિન-૧૫માં કરાર માટે એજન્સી હાજર ન થયેથી ઈએમડી જપ્ત કરી કાળી યાદીમાં મુકવામાં આવશે.**

૧૨. પસંદ થયેલ એજન્સીએ કરારખત સમયે સીક્યોરીટી ડીપોઝીટ પેટે રૂ.૩૦,૦૦૦/- (અંકે ત્રીસ હજાર રૂપિયા પુરા) ની સોળ મહિનાની મુદત વાળી અને ફક્ત માન્ય શીડયુલ બેંક/રાષ્ટ્રીયકૃતબેંક **(પરિશિષ્ટ-૫ મુજબ)** ડીડી પ્રતિ "ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન" નામનો ભરવાનો/જમા કરાવવાનો રહેશે. સીક્યોરીટી ડીપોઝીટની રકમ એજન્સી દ્વારા સંતોષકારક કામપુર્ણ થયે ચાર માસ બાદ પરત કરવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

૧૩. કરાર દરમ્યાન ટેન્ડરની શરતો ને અનુરૂપ કામગીરી ન જણાયે બે વાર એક-એક માસની નોટીસ આપવામાં આવશે અને ત્યારબાદ પણ એજન્સીની સેવાઓમાં સુધારો ન જણાયે ત્રીજી અને આખરી ટર્મીનેશન નોટીસ પાઠવવામાં આવશે અને તેની સાથે એજન્સીની સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૪. ટેન્ડરના કરારના સમય દરમ્યાન કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર અને એજન્સી વચ્ચે તકરાર/વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં આ ટેન્ડરની કોઈ શરત કે શરતોના જુદા-જુદા અર્થઘટન કરવામાં આવે અથવા અભિપ્રાય કે દલીલો કરવામાં આવતી હોય ત્યારે મહાનગરપાલિકા, ગાંધીનગરના કમિશ્નરશ્રી દ્વારા આ ટેન્ડરની જે કોઈપણ શરત કે શરતોનું અર્થઘટન કરવામાં આવે અને તેને અનુરૂપ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર દ્વારા જે નિર્ણય કરવામાં આવે તે આખરી નિર્ણય ગણાશે અને કરારથી બંધાયેલ એજન્સીને બંધનકર્તા રહેશે. કોઈપણ તકરાર/વિવાદના સમયે ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

૧૫. ભરેલા ટેન્ડરો સ્વીકારવા/ ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો અધિકાર કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરને અબાધિત રહેશે.

૧૬. પ્રથમ પૂર્વ લાયકાત અંગેનું ઓનલાઈન ટેન્ડર સર્વ સંબંધિતોની ઉપસ્થિતિમાં ખોલવામાં આવશે અને કઈ એજન્સીઓ જરૂરી પૂર્વ લાયકાત ધરાવે છે, તે નક્કી કરાશે. ત્યારબાદ જે એજન્સી જરૂરી પૂર્વ લાયકાત ધરાવતી હશે તેટલાની ઉપસ્થિતિમાં તેઓના જ ભાવપત્રકના ટેન્ડર ઓનલાઈન ખોલવામાં આવશે.

૧૭. ટેન્ડરના એગ્રીમેન્ટનો સમયગાળો પુર્ણ થયા પહેલા કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર અન્ય વ્યવસ્થા થયે જરુર જણાયે કોઈ પણ કારણ આપ્યા વગર આ ટેન્ડરને રદ કરવાની તથા તેની શરતોમાં ફેરફાર કરવાની માન. કમિશ્નરશ્રીને અબાધિત સત્તા રહેશે. ઉપરોક્ત તમામ નિયમો અને દરેક પરિશિષ્ટ મે વાંચ્યા છે અને તે પ્રમાણેની વિગતો હું આપવા બંધાયેલો છું અને ટેન્ડર તમામ જોગવાઈઓની ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપું છું.

૧૮. આ ઉપરાંત આ સાથેના કરારનામાની શરતો ક્રમ નં.૧ થી ૧૭ સુધી પણ લાગુ પડશે અને તે મુજબ કામગીરી કરવા મંજુર થયેલ એજન્સી બંધાયેલ રહેશે અને સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવતી સુચનાઓ અને વખતોવખતની ગાંધીનગર મહાનગરપાલિકા/ સરકારશ્રીની વિવિધ જોગવાઈઓ પ્રમાણે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## **એજન્સી દ્વારા કામગીરી દરમ્યાનની જરૂરી શરતોઃ**

1. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામની ઉપયોગીતા અનુસાર જરૂરી લાકડા, છાણાં, ઘાસ (પૂળા) વગેરે જેવી મુક્તિધામ નિભાવણી અંગેની વસ્તુઓનો પુરતો જથ્થો એજન્સીએ સ્વખર્ચે રાખવાનો રહેશે તથા જરૂરિયાત અનુસાર પૂરો પાડવાનો રહેશે.
2. મૃતદેહોને અગ્નિદાહ કામે લાકડાની વ્યવસ્થા એજન્સી કરવાની રહેશે, તેમાં ગોડાઉનમાંથી લાકડા, અગ્નિ સંસ્કાર કરવાની ચિતા સુધી લઈ જઈ, ચિતા ઉપર લાકડા ગોઠવીને તૈયાર કરી આપવાના રહેશે.
3. અધિકૃત બિન વારસી મૃતદેહની અંતિમક્રિયા વિના મુલ્યે કરી આપવાની રહેશે. આ અંગે રજીસ્ટરમાં લાલ સહીથી પાકી નોંધ કરવાની રહેશે.
4. અંતિમ સંસ્કાર અર્થે આવતા મૃતદેહ સંબંધી જરૂરી નોંધનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને દર માસના અંતે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીએ પત્રક રજુ કરવાનું રહેશે.
5. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામ બિલ્ડીંગ/કંમ્પાઉન્ડ/ટોઈલેટ તથા અંતિમધામ સંકુલમાં આવેલ તમામ મકાનો/રસ્તાઓ/બગીચાની તમામ પ્રકારની જાળવણી તથા સફાઈની જવાબદારી એજન્સીએ કરવાની રહેશે.
6. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામનો કચરો/રાખનો સ્વખર્ચે નિકાલ કરવાનો રહેશે.
7. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામની તમામ પ્રકારની પ્રોપર્ટી અંગેની સિક્યોરીટીની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.

8. સ્મશાનગૃહના કંપાઉન્ડમાં બાગ, બગીચા, વૃક્ષો વાવવા, ઉછેરની છુટ રહેશે. આ અંગે કોઇ નિભાવણી ખર્ચ આપવામાં આવશે નહિ.
9. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામમાં આવતા મૃતકોના આત્માની શાંતિ તેમજ ડાઘુઓના મનની શાંતિ અર્થે સ્મશાનગૃહમાં પ્રાર્થનાસભા યોજવા દેવાની રહેશે.
10. ડાઘુઓને જરૂરી સ્નાનવિધિ માટે પાણીની સુવિધા એજન્સીએ કરવાની રહેશે.
11. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામના વીજ ઉપકરણોની તથા સંકુલના અન્ય વીજ સાધનોની જાળવણી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. લાઇટ બીલ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી ભોગવશે. મુક્તિધામ ખાતે વીજ વપરાશ કરકસરથી કરવાનો રહેશે.
12. અંતિમધામના વહીવટી અને ખર્ચ અંગે વખતોવખત ઓડીટ શાખા દ્વારા કરવાનું રહેશે તથા વાર્ષિક ઓડીટ અહેવાલ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે.
13. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામ અંગે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરીના અધિકૃત કરેલ કોઇ અધિકારી કે કર્મચારી જ ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામની કાર્યવાહી સંબંધે નિરીક્ષણ કરી શકશે અને સલાહ સુચન આપી શકશે તથા માસિક ખર્ચનો હિસાબ માંગી શકાશે.
14. લાકડા તેમજ પુળા જરૂરી વસ્તુઓ ગોડાઉનમાં રાખવાના રહેશે તથા જરૂરી સ્ટોક રાખવાનો રહેશે.
15. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામના PNG ગેસ વપરાશ અંગેનું બીલ એજન્સી સમયમર્યાદામાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને રજુ કરવાનું રહેશે.
16. દરેક ગામોના સ્મશાનમાં જરૂરીયાત મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્ટાફની ફાળવણી કરવામાં આવશે.
17. ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ અંતિમધામ ખાતે જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેવા સઘળા ઉપાયો એજન્સી યોજવાના રહેશે તથા અસામાજિક પ્રવૃત્તિ આચરવા દેવી નહિં કે અસામાજીક તત્વોને પ્રવેશવા દેવાના રહેશે નહી.
18. એજન્સીએ સ્મશાનની સુવિધા અને મરામત–નિભાવણી કરવાની રહેશે. સ્મશાનની માલિકી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે.
19. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અંતિમ સંસ્કાર કરવા અંગે ઉપયોગકર્તા પાસેથી જે ચાર્જ નક્કી કરવામાં આવેલ છે તેના કરતા વધારે ચાર્જ એજન્સી વસુલી શકશે નહિ.
20. બાળક દફનવિધિ માટે મીઠાની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે તેમજ દફનવિધિ કરવા અંગે ઉપયોગકર્તા પાસેથી જે ચાર્જ નક્કી કરવામાં આવેલ છે તેના કરતા વધારે ચાર્જ એજન્સી વસુલી શકશે નહિ.
21. મુક્તિધામમાં અંતિમવાહિની ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવશે તથા તેનો ચાર્જ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ છે તે મુજબ વસુલ કરવાનો રહેશે તેના કરતાં વધુ ચાર્જ વસુલી શકશે નહિ.

22. મુક્તિધામમાં દરેક કોમ/જ્ઞાતિ/ધર્મના લોકોને કોઈપણ જાતના ભેદભાવ સિવાય ઉપયોગ કરવા દેવાનો રહેશે.
23. પાણીનું કનેક્શન આપવામાં આવેલ છે. તેનો ઉપયોગ તે જગ્યા પુરતો જ કરવાનો રહેશે તથા પાણીનો બગાડ કરવો નહિ.
24. લાકડા એકદમ સુકા પુરા પાડવાના રહેશે. સ્મશાનગૃહો ઉપર કોઈપણ સમયે લાકડાનો જથ્થો ઓછામાં ઓછો ૬૦ દિવસ ચાલે તેટલા અવશ્ય રાખવાનો રહેશે.
25. ટેન્ડરરને ઓછામાં ઓછા ભાવવાળી પાર્ટીને કોન્ટ્રાક્ટ આપવો કે નહી તેની આખરી સત્તા મે.મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
26. કોન્ટ્રાક્ટરે લાકડા તથા દફનવિધિ માટેની દરેક સ્મશાનમાં અંતિમ સંસ્કારની ટ્રીપલીકેટ પહોંચબુકો ગાંધીનગર મહાનગરપાલિકાના નામ, સરનામા અને નંબર સાથે ગાંધીનગર મહાનગરપાલિકા નક્કી કરે તે મુજબ નમુનામાં પોતાના ખર્ચે બનાવવાની રહેશે તથા આપેલ પાવતી અંગેની તમામ જવાબદારી એજન્સીની રહેશે.
27. કોન્ટ્રાક્ટરે મંજુર થયેલા ટેન્ડરમાં દર્શાવેલા ભાવ દર્શાવવા માટેના બોર્ડ તેમને કામગીરી માટે આપવામાં આવેલ દરેક સ્મશાનગૃહ ઉપર પોતાના ખર્ચે બનાવડાવી જાહેર જનતાને સ્પષ્ટ વાંચી શકાય તે રીતે મુકવાના રહેશે.
28. ટેન્ડર મુજબના સ્મશાનગૃહો ઉપરાંત ટેન્ડરના સમયગાળા દરમ્યાન નવા સોંપવામાં આવનાર સ્મશાનગૃહોનાં નક્કી થયેલ ભાવોમાં વધારો કર્યા વગર જ કામગીરી કરવાની રહેશે.
29. ટેન્ડરમાં જણાવેલ કોઈપણ શરતનું ઉલ્લંઘન કરવામાં આવશે કે થશે તો મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા કે તેમના પ્રતિનિધિ દ્વારા તપાસ દરમ્યાન શરતોનું ઉલ્લંઘન કરતા જણાશે તો દૈનિક રૂ.૧,૦૦૦/– સુધીનો દંડ કરી શકાશે.
30. પુરતી ગુણવત્તાના લાકડા ન હોઈ અને તેની ફરિયાદ આવે અથવા તપાસ દરમ્યાન અધિકારીને ગુણવત્તા અંગે સંતોષ ન થાય તો તાત્કાલિક દિન–૧માં જરૂરી ગુણવત્તા વાળા લાકડાની વ્યવસ્થા કરવાની રહેશે અને જો તેમ ન કરવામાં આવે અને આ અંગે જો કોઈ કોર્પોરેશન દ્વારા લાકડાની વ્યવસ્થા કરવામાં આવે તેનો ખર્ચ જે તે કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરવામાં આવશે.
31. કોન્ટ્રાક્ટર દ્વારા રોકવામાં આવેલ લાકડા મજુરોની જવાબદારી કે તે કોન્ટ્રાક્ટરની રહેશે તથા તે અંગે જરૂરી સરકારી મંજુરી મેળવવાની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરની રહેશે. કોન્ટ્રાક્ટર દ્વારા રોકેલ જે તે મજુરને ઈજા/અકસ્માત થાય તેની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે કોર્પોરેશન આ અંગે કોઈપણ વળતર આપવા બંધાયેલ નથી.
32. મ્યુનિસપલ કોર્પોરેશન દ્વારા મંજુર થયેલ કોન્ટ્રાક્ટરને જે સ્મશાનગૃહમાં સગવડ હોય ત્યાં રહેઠાણ માટે નક્કી કરેલ જગ્યાએ રહેવાની સગવડ આપવામાં આવશે. તેનો ઉપયોગ કોઈ અન્ય પ્રવૃત્તિ માટે થઈ શકશે નહિ તથા કરવો, કરાવવો નહિ. લાઈટ તથા અન્ય સગવડોમાં મંજુરી વગર સુધારો વધારો કરી શકાશે નહિ. આપવામાં આવેલ રહેણાંકની બહાર સ્મશાનગૃહ ના કમ્પાઉન્ડમાં કોન્ટ્રાક્ટર કે તેમના દ્વારા રાખવામાં આવેલ મજુરો મારફતે કોઈ પણ પ્રકારનું ન્યુસન્સ કે અવરોધ કરવામાં આવશે નહિ અને જો તેવું જાણમાં આવશે તો કોન્ટ્રાક્ટ રદ કરવાના પગલાં લેવામાં આવશે. કોન્ટ્રાક્ટ સમયગાળો પૂર્ણ થયા બાદ જે

તે લાકડા મજુરને રહેવા માટે આપવામાં આવેલ જગ્યા ખાલી કરાવવાની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરની રહેશે.

33. કોન્ટ્રાક્ટરે તેમને સોંપેલ કામગીરી ટેન્ડરનો સમયગાળો પૂર્ણ થાય ત્યાં સુધી ટેન્ડરમાં નક્કી થયેલ ભાવ મુજબ કરવાની રહેશે અને જો કોન્ટ્રાક્ટ અધ વચ્ચેથી કામગીરી પડતી મુકશે તો કોર્પોરેશન દ્વારા નવું ટેન્ડર જુના કોન્ટ્રાક્ટરના ખર્ચે અને શરતે બહાર પાડવામાં આવશે. નવા અને જુના ભાવ વચ્ચેનાં ડીફરન્સની રકમ જુના કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરવામાં આવશે અને આગળ યોગ્ય જણાય તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.
34. મંજુર થયેલ કોન્ટ્રાક્ટર અથવા તેમના મજુર દ્વારા સ્મશાનગૃહને કોઇપણ પ્રકારનું નુકશાન કરશે તો તેનો ખર્ચ ભરપાઇ કોન્ટ્રાક્ટરશ્રીને તેઓના સ્વખર્ચે કરવાનો રહેશે.
35. સ્મશાનગૃહની કામગીરીનો અનુભવ આવકાર્ય છે. ટેન્ડર સાથે અનુભવ અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કરવાના રહેશે.
36. હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકા પાસે બે અંતિમ વાહિની છે, જેથી જ્યારે અંતિમવાહિનીની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તે અંગે અંતિમ વાહિની બોલાવીને જરૂરિયાત સ્થળે મોકલી આપવાની રહેશે તથા નક્કી કરેલ ભાવ વસુલ કરી રસીદ બનાવી રજીસ્ટર બનાવવાનું રહેશે તથા તે અંગેના નાણાં ગાંધીનગર મહાનગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.
37. ઉપરોક્ત બાબતો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત તમામ મુક્તિધામોમાં પણ લાગુ પડશે.
38. એજન્સીએ આપેલ ભાવમાં સર્વ ટેક્ષ સમાવેશ થયેલ છે.

(ટેન્ડરરની સહી/સિક્કો)

# <u>પરિશિષ્ટ–૨</u>

**ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોની જાળવણી અને નિભાવણી કરવા અંગેની પૂર્વ લાયકાતના ફોર્મ અને** ટેન્ડર સાથે રજૂ કરવાની વિગતો તથા પૂર્વ લાયકાત બીડ (ટેકનીકલ બીડ) માં એજન્સીઓએ નીચે મુજબના દસ્તાવેજોની ઓનલાઈન પ્રમાણિત નકલો અપલોડ કરવાના રહેશે.

૧. એજન્સીનું નામ તથા સરનામું:
૨. માલિક/ભાગીદારોનાં નામ/સરનામું અને કોન્ટેક્ટ નંબર:
૩. પ્રોવિડન્ટ ફંડ/ ઈ.એસ.આઈ. નંબર:
૪. વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ:
૫. સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ:
૬. જે તે સર્વે એજન્સી કોઈ નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ પેંન્ડીગ નહી હોવાનુ એકરારનામું રજૂ કરવાનું રહેશે.
૭. એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાઈલ કરેલ ઈન્કમટેક્ષ રીર્ટન.
નાંણાકીય વર્ષ ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧
૮. એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરેલ સર્વિસ ટેક્ષ તથા સર્વિસ ટેક્ષના રીટર્ન.
નાંણાકીય વર્ષ ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧
૯. એજન્સીની આવક અંગે તા. ૦૧/૦૪/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૨ સુધીનું બેંક સ્ટેટમેન્ટ.
૧૦. એજન્સીએ કરેલ કામગીરીમાં મેળવેલ અનુભવની વિગતો.
૧૧. એજન્સીનું નફા–નુકસાન ખાતુ તથા પાકું સરવૈયુ તેમજ જો ઑડીટેડ હોય તો ઑડીટ રીપોર્ટ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧
૧૨. એજન્સીએ ચાલુ વર્ષની રૂ.૬, ૦૦, ૦૦૦/– ની બેંક સોલ્વન્સીની પ્રમાણિત નકલ સામેલ કરવી.

## <u>પરિશિષ્ટ–૩ – ભાવપત્રક</u>

કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરની કચેરી

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબત ભાવ પત્રક.

| અ.નં. | વિગત | કામની પધ્ધતિ | યુનિટ | વિગતમાં દર્શાવેલ સમગ્ર કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|---|
| (૧) | ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબત. | 1. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત તમામ મુક્તિધામોની નિભાવણી અને જાળવણી સાથે મૃતદેહોને અગ્નિદાહ કામે લાકડાની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે, તેમાં ગોડાઉનમાંથી લાકડા, અગ્નિ સંસ્કાર કરવાની ચિતા સુધી લઈ જઈ, ચિતા ઉપર લાકડા ગોઠવીને તૈયાર કરી આપી અંતિમસંસ્કાર સુધીની કામગીરી.<br>2. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત તમામ મુક્તિધામોની નિભાવણી અને જાળવણી સાથે મૃતદેહોને દફનવિધિ કામે ખાડાની તેમજ મીઠાની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે, તથા દફનવિધિ કરવાની રહેશે. | **૧ મૃતદેહ** | **મૃતદેહ દીઠભાવ રૂ. (લાકડામાં) (શબ્દોમાં રૂ...........)**<br><br>**મૃતદેહ દીઠભાવ રૂ. (CNG માં) (શબ્દોમાં રૂ...........)**<br><br>**મૃતદેહ દીઠ દફનવિધિનો ભાવ રૂ. (શબ્દોમાં રૂ...........)** |

કરાર નામાની ઉલ્લેખીત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં/ અમે વાંચી છે અને તે હું/ અમે બરાબર સમજ્યા છીએ. ઉપર ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વિકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરી રીતની વિગતો અને પધ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરું છું/કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યુ છે.

સ્થળ: ટેન્ડર ભરનારની સહી.........................

તારીખ: સિક્કો

ટેન્ડર ભરનારનું નામ: એજન્સીનું નામ

## પરિશિષ્ટ–૪

કામગીરી કરવા એજન્સીએ નીચે દર્શાવેલ શરતોને આધીન સેવા પુરી પાડવાની રહેશે.

(૧) કામગીરી કરવા એજન્સીએ પરિશિષ્ટ–૧ મુજબની શરતો ઉપરાંત નીચે જણાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ગાંધીનગર મહાનગરપાલિકાને ભોગવવાનું થતું તમામ નુકશાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૩) ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફાળવેલ કર્મચારી અને એજન્સી વચ્ચે નોકરી અને તેની આનુસંગિક કોઈ પણ બાબત જેવી કે માલિક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહી. કર્મચારીઓ દ્વારા તેઓની સેવા બાબતે કોઈ પણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં ગાંધીનગર મહાનગરપાલિકાને કોઈ પણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.

(૪) કચેરીની મિલકત કોઈ પણ સાધન સામગ્રીને કે સેવાને સરકારી રેકર્ડ કે અધિકારી/ કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ નુકશાન કે કોર્પોરેશનને ભોગવવાનુ થતું તમામ નુકશાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૫) ગાંધીનગર મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીને એજન્સીના કર્મચારીની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો તે કર્મચારીને બદલી અન્ય કર્મચારી મુકવાના રહેશે.

(૬) સિક્યોરીટી ડિપોઝીટની રકમ બેંક ગેરંટી અથવા ફિક્સ ડિપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વીકાર થયેલ રજુ કરવાની રહેશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ કરારની મુદ્દત પુર્ણ થયાના ચાર માસ બાદ એજન્સી સેવાઓ સંતોષકારક જણાયે એજન્સીને પરત ચુકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈ પણ પ્રકારનો વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૭) આ કામગીરી ૨૪ કલાક સુધી કરવાની રહેશે પરિસ્થિતિમાં સમયનો ફેરફાર કરવાની સત્તા કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગરનો રહેશે. આમ છત્તા જો એજન્સીને સોંપવામાં આવેલ કામગીરી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોપાયેલુ કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને સર્વેનો ખર્ચ મુળ એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે.

(૮) આ કરાર બિન તબદિલપાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી અને સક્ષમ સત્તા/ કચેરીની પુર્વ મંજુરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં અથવા આ કરારની અન્ય કોઈ બાબત અન્ય એજન્સીને તબદીલ કરી શકશે નહીં.

(૯) આ કરારનામું કરાર થયાની તારીખથી કાર્ય સંતોષકારક પુર્ણ ન થાય ત્યા સુધી અમલમાં રહેશે અને ત્યારબાદ સક્ષમ અધિકારીશ્રીની મંજુરીથી જે સમયગાળો નક્કી કરવામાં આવે તેટલી મુદ્દત સુધી કરાર લંબાવી શકાશે.

(૧૦) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પુરી પાડવામાં નિષ્ફળ નિવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરાશે, જે માટે તેને લેખીત નોટીસ આપવામાં આવશે. કચેરીને આ કારણે થયેલ ખર્ચ, નુકશાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહી.

(૧૧) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/ કચેરી એજન્સીને એક માસની નોટિસ આપીને કરારનો અંત લાવી શકાશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

(૧૨) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેણે એક માસની નોટિસ આપવી પડશે, તે પરિસ્થિતિમાં તેની સિક્યોરીટી જપ્ત કરવામાં આવશે.

(૧૩) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોનો કોઈ હક્ક/ દાવો રહેશે નહી આમ છતાં એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલી અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હો તો એક માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે.

(૧૪) ઉપરોક્ત પૈકી કોઈ પણ શરતોમાં સુધારો વધારો કરવાની સત્તા કમિશ્નરશ્રી મહાનગરપાલિકા ગાંધીનગરની રહેશે તેમજ મહાનગરપાલિકા/ સરકારશ્રી દ્વારા થતી વખતોવખતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) સદર ટેન્ડર ફક્ત ૨ (બે) વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે.

(૧૬) આ કરાર બન્ને પક્ષકારોને કબુલ–મંજુર અને બંધનકર્તા છે અને તેની સાબિતીરૂપે નીચે જણાવેલ સાક્ષીઓએ રૂબરૂ સહીઓ કરેલ છે.

(ટેન્ડરરનો સહી અને સિક્કો)

## ANNEXURE - 5

**Finance Department, GR. No.: EMD-SD/102006/108/DMO Date: 30 / 03 / 2012**

(A) Guarantees issued by following banks will be accepted as SD / EMD on permanent basis.

1. All Nationalized Banks including the Public Sector Bank - IDBI Ltd.
2. Private Sector Banks authorized by RBI to undertake State Government Business (at present - AXIS Bank, ICICI Bank and HDFC Bank).

(B) Guarantees issued by following Banks will be accepted as SD / EMD for period up to March 31, 2013. The validity cut-off date in GR is with respect to date of issue of Bank Guarantees irrespective of date of termination of Bank Guarantee.

1) Commercial Banks
   1. Kotak Mahindra Bank
   2. Yes Bank
   3. Induslnd Bank

2) Regional Rural Banks of Gujarat
   1. Saurashtra Gramin Bank
   2. Baroda Gujarat Gramin Bank
   3. Dena Gujarat Gramin Bank

3) Co-operative Banks of Gujarat
   1. The Kalupur Commercial Co-operative Bank Ltd.
   2. Rajkot Nagarik Sahakari Bank Ltd.
   3. The Ahmedabad Mercantile Co-operative Bank Ltd.
   4. The Mehsana Urban Co-operative Bank Ltd.
   5. Nutan Nagrik Sahakari Bank Ltd.

## પરિશિષ્ટ–૬

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મુક્તિધામોમાં અગ્નિસંસ્કાર અને દફનની કામગીરી તેમજ મુક્તિધામની જાળવણી અને નિભાવણી કરવા બાબતે સમાવિષ્ટ વિસ્તારની યાદી.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/48 OF 2020/GMC/902020/928/P, તા.૧૮–૦૬–૨૦૨૦ ના જાહેરનામા થી પેથાપુર નગરપાલિકા તેમજ કુડાસણ, રાયસણ, રાંદેસણ, રૂદ્રભૂમિ અંતિમધામ–સરગાસણ, કોબા, વાસણા હડમતીયા, વાવોલ, કોલવડા, પોર, અંબાપુર, અમિયાપુર, ભાટ, સુઘડ, નભોઈ, ખોરજ, કોટેશ્વર, ઝુંડાલ અને રાંધેજા ગામોનો સમાવેશ ગાંધીનગર મહાનગરપાલિકામાં કરવામાં આવેલ છે. જેથી તમામ ગામોના મુક્તિધામો પણ ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત તમામ મુક્તિધામોનો સમાવેશ થાય છે.